## નવસારી કૃષિ યુનિવર્સિટી
## ચીકુના લાકડાની હરાજી

આથી લાગતા વળગતા લાકડાના વેપારી અને રસ ધરાવતા ઇસમોને જણાવવામાં આવે છે કે
બાગાયત પોલીટેકનીક, નવસારી કૃષિ યુનિવર્સિટી, પરીયા (તા. પારડી, જી. વલસાડ) કોલેજ
ખાતે વિભાગ-૧ માં આવેલા ચીકુના કુલ ૭૧-ઝાડોને જડમૂળથી કાઢીને લઇ જવાનો ઇજારો
આપવાનો છે. રસ ધરાવતા ઇસમોએ બાગાયત પોલીટેકનીક, પરીયા કોલેજ ખાતેથી કચેરી
સમય દરમ્યાન રૂ. ૬૦૦/- (છસો પુરા) ભરીને ટેન્ડર ફોર્મ મેળવવાના રહેશે. પોતાના ભાવ
ભરેલા અને સહી કરેલા ટેન્ડર ફોર્મ સાથે ડીપોઝીટ પેટે રૂ.૫,૦૦૦/- (પાંચ હજાર પુરા)
રોકડેથી જમા કરવાના રહેશે અથવા "Research Scientist (Horti.), A.E.S., N.A.U.,
Paria" ના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ જોડવાનો રહેશે. જેને સીલ બંધ કવરમાં તા. ૨૮/૧૧/૨૦૨૫
ના ઓફિસ કલાક સુધીમાં ઉપરોકત સરનામે રૂબરૂ/ટપાલ/કુરીયરથી પહોચતા કરવાના રહેશે.
કવર ઉપર "ચીકુના લાકડાની હરાજી માટેનું ભાવપત્રક" એમ સ્પષ્ટ લખવું. ડીપોઝીટ વગરના
ભાવ પત્રકો માન્ય રાખવામાં આવશે નહિ. આવેલ ભાવપત્રકો તા. ૦૨/૧૨/૨૦૨૫ ના રોજ સવારે
૧૦.૩૦ કલાકે, બાગાયત પોલીટેકનીક, નકૃયુ. પરીયા ખાતે કમિટી દ્વારા ઇજારદારની
હાજરીમાં ખોલવામાં આવશે. આવેલ ભાવ કમિટીને યોગ્ય ન લાગશે અને જરૂર જણાશે તો તે જ
સમયે અને સ્થળે જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે. હરાજીની શરતો અત્રેની કચેરીએથી
અથવા નવસારી કૃષિ યુનિવર્સીટીની વેબસાઇટ www.nau.in પર જોવા મળશે.

સહી/-
આચાર્ય

નં. માહિતી/વલસાડ/૬૨૬/૨૦૨૫

ગુજરાત રા
ગુજરાત રાજ
સિંચાઇ ભવન
સુરત-૩૯૫૦૦
અંદાજીત કિંમત
શરતોને આધી
મકાન વિભાગ
મંગાવવામાં આ
ડાઉનલોડ અ
૧૮.૦૦ કલાક
અસલ દસ્તાવે
કલાક સુધી
(By R.P.A.D.,
ઓનલાઇન અ
૧૨.૦૦ કલાકે,
વધુ વિગત મા

| ટેન્ડર ફોર્મ | NAVSARI AGRICULTURAL UNIVERSITY | ટેન્ડર ફોર્મની રકમ રૂ. ૬૦૦/- |
|---|---|---|

# કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, પરિયા

ટેન્ડર ફોર્મ નંબર: .......; તારીખ: ....../૧૧/૨૦૨૫

## ટેન્ડરનું નામ: *ચીકુના લાકડા વેચાણનું ટેન્ડર વર્ષ: ૨૦૨૫*

| એક ટન લાકડાનો ભાવ | |
|---|---|
| વિભાગ ૧ | ચીકુના ઝાડોને જળમૂળથી કાઢીને વેચાણથી લઇ જવાનો ૧ ટનનો ભાવ (રૂ.) |
| | |

તારીખ:....../૧૧/૨૦૨૫

ટેન્ડર ભરનારની સહી: ____________________

ટેન્ડર ભરનારનું નામ: ____________________

ગામનું નામ: ____________________

પુરૂ સરનામું: ____________________

ફોન નંબર:

---

કચેરીના ઉપયોગ માટે

| અ.નં. | સમિતી સભ્યોના નામ | સહી |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |
| ૪. | | |
| ૫. | | |

# હરાજીના શરતો

૧. બાગાયત પોલીટેકનીક, ન.કૃ.યુ., પરીયા (તા. પારડી જિ. વલસાડ) હસ્તકના ફાર્મમાં નીચે કોષ્ટકમાં જણાવ્યા અનુસારના વિભાગ-૧ માં ચીકુના ઝાડોની તેની સામે જણાવેલ વિગત મુજબની કામગીરી કરવાનો ઇજારો આપવાનો થાય છે.

| અ.નં. | પ્લોટ નંબર | ઝાડની વિગત | ઝાડની સંખ્યા | કામગીરીની વિગત |
|---|---|---|---|---|
| વિભાગ-૧ | | | | |
| ૧ | ૫/૧, ૫/૨, ૫/૪ | ચીકુ | ૩૮ | ચીકુના કુલ ૭૧ ઝાડોને જળમૂળથી કાઢીને લઇ જવા. |
| ૨ | ૫/૧૨, ૫/૧૩, ૫/૧૪ | ચીકુ | ૩૩ | |

૨. ઉપરોક્ત શરત ૧ અનુસારની કામગીરીના ઇજારા માટે બાગાયત પોલીટેકનીક, નકૃયુ, પરિયા કોલેજ ખાતેથી કચેરી સમય દરમ્યાન ટેન્ડર ફોર્મ રૂા. ૬૦૦ ભરી મેળવી લેવાનું રહેશે. હરાજીમાં ભાગ લેનાર દરેક ઈસમે હરાજીની શરતો ઉપર સહી કરવાની રહેશે. સહી ન કરનાર ઈસમોને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં અને બોલી સ્વીકારવામાં આવશે નહીં. ભરેલ ટેન્ડર તા.૨૯/૧૧/૨૦૨૫ સુધી રૂબરૂ/ટપાલ/કુરીયર દ્વારા સ્વીકારવામાં આવશે. તા.૨૯/૧૧/૨૦૨૫ બાદ આવેલ ટેન્ડર ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. ટેન્ડર ફોર્મ ધરાવતા કવર ઉપર "ચીકુના લાકડાની હરાજી માટેનું ભાવપત્રક" એમ સ્પષ્ટ લખવું.

૩. ટેન્ડર ફોર્મ કમિટીની હાજરીમાં તા. ૨/૧૨/૨૦૨૫ ના રોજ ૧૦:૩૦ કલાકે અત્રેની કચેરી ખાતે સંબંધીત કમિટીના સભ્યો તથા હાજર ઇજારદારો સામે ખોલવામાં આવશે. આ સમયે ટેન્ડર ફોર્મ ભરનાર દરેક વ્યક્તિએ હાજર રહેવાનું રહેશે.

૪ રાજ્ય સરકારશ્રીના ધારાધોરણ અનુસાર સંબંધીત સરકારી વિભાગોની મંજુરી મેળવવાની તથા લાગત સેલટેક્ષ કે અન્ય સ્થાનિક વેરા ભરવાની અને કાયદાકાનુનો અનુસાર વર્તવાની જવાબદારી ઈજારદારની રહેશે. આ અંગે સંસ્થા જવાબદાર રહેશે નહીં. પરંતુ ઇજારદારે આવા કલીયરન્સ સર્ટીફિકેટ બતાવવાના રહેશે.

૫. હરાજીમાં ભાગ લેનાર ઈસમે ટેન્ડર ફોર્મ સાથે અનામત (ડીપોઝીટ) પેટે રૂ. ૫,૦૦૦/- રોકડેથી અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ "**Research Scientist (Hort.), AES, NAU, Paria**" ના નામનો કઢાવીને ટેન્ડર ફોર્મ સાથે જોડવાનો રહેશે. જે ઇસમે ડીપોઝીટની રકમ રોકડેથી અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ ટેન્ડર ફોર્મ સાથે જોડેલ હશે તે જ ટેન્ડર ફોર્મ માન્ય ગણવામાં આવશે. જે ઇસમનું ટેન્ડર સ્વીકારવામાં કે મંજુર કરવામાં આવે તેઓની અનામતની રકમ માલ ઉપાડવાની કામગીરી પુરી થયા બાદ પરત કરવામાં આવશે અને બાકીના ઇજારદારની અનામત રકમ તુરંત પરત કરવામાં આવશે. સંજોગવશાત ચુકવણું કરવામાં મોડું થાય તો ઇજારદાર વ્યાજનો દાવો કરી શકશે નહિ.

૬. જે કોઈપણ ઈસમ બીજા ઈસમ માટે તેની અવેજીમાં બોલી બોલવા કે હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા હશે તો તેમણે પોતાના નામની કોર્ટે પ્રમાણીત કરેલ પાવર ઓફ એટર્ની (મુખત્યારપત્ર) આપવાનું રહેશે.

૭. હરાજીની કામગીરી દરમ્યાન હાજર તમામ ઇજારદારે હરાજીની તમામ શરતો વાંચી છે / વાંચી સંભળાવી છે તે બાબતે નિયત નમુનામાં સહી કરવાની રહેશે. ભાવપત્રકો ખોલ્યા બાદ સમિતીને જરૂરી લાગશે તો તેજ તારીખ અને સમયે જાહેર હરાજીથી સદરહુ કામગીરીની બોલી બોલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે અંગે કોઈ ઈસમનો વાંધો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. હરાજી દરમ્યાન જે બોલી બોલવામાં આવશે તે બોલી સ્વીકારવી કે ન સ્વીકારવી તે બાબતની સત્તા સંબંધીત સમિતીની રહેશે. આમ છતાં કોઈ વિવાદ ઉભો થાય તો તેનો આખરી નિર્ણય સંબંધીત સમિતીનો રહેશે અને તે બધાને બંધન કર્તા રહેશે.

૮. હરાજીમાં માંગણી કરતા કે જરૂરિયાત અનુસાર બોલી બોલતા સબંધીત ઈસમ કે ઈજારદારે જાતે માલ જોઈ તપાસી માલની ખાત્રી કરીને બોલી બોલવાની રહેશે. હરાજી ચાલુ થયા બાદ જે માંગણી કે બોલી બોલવામાં

આવશે તે રૂબરૂ ખાત્રી કર્યા બાદ જ બોલવામાં આવે છે તેમ માની લેવામાં આવશે. એકવાર હરાજી મંજુર થયા પછી માલની જાત કે માલના કમીપણા બાબતની કોઈપણ તકરાર સાંભળવામાં આવશે નહીં.

૯. હરાજી દરમ્યાન માંગણી કે બોલી માન્ય કે અમાન્ય રાખવાની સત્તા સંબંધીત સમિતીની રહેશે. આમ છતાં જો કોઈ વિવાદ ઉભો થાય તો તેના નિર્ણયની આખરી સત્તા સંબંધીત સમિતીની રહેશે તેમજ આ નિર્ણય હાજર બધાને બંધન કર્તા રહેશે. શરતી ભાવો માન્ય ગણવામાં આવશે નહિ.

૧૦. હરાજીની કોઈપણ માંગણી કે બોલી કોઈપણ કારણ આપ્યા સિવાય અમાન્ય કે નામંજુર કરવાની સત્તા સંબંધીત સમિતીને અબાધીત રહેશે.

૧૧. હરાજી બાદ તુરંત જ જેમનું ટેન્ડર સ્વીકારવામાં આવે તેમણે (ઇજારદારે) હરાજીની કુલ રકમના ૨૫ ટકા નાંણા તે જ દિવસે ભરવાના રહેશે. બાકીની ૭૫ ટકા રકમ હરાજીની તારીખથી દિન ૭ માં અથવા માલ ઉપાડતા પહેલા, બે માંથી જે તારીખ વહેલી હશે તે તારીખે ભરવાના રહેશે.

૧૨. અનિવાર્ય સંજોગોમાં હરાજી રાખનાર ઇજારદાર ઉપર જણાવેલ મુદત દરમ્યાન માલના નાંણા ભરપાઇ કરી શકશે નહી તો ૭ દિવસમાં બે વાર નોટીશ આપવામાં આવશે. જો ઇજારદાર આ ૭ દિવસમાં નાંણા ભરપાઇ કરવામાં નિષ્ફળ જશે તો આ માલની હરાજી નીચે સહી કરનાર તેની સત્તાની રૂએ ફરીથી કરાવશે, જે અંગે ઇજારદારનો હક્ક રહેશે નહિ.

૧૩. જેમનો ઈજારો મંજુર થાય તે ઈજારદારે ઇજારાના રોજકામમાં અચુક સહી કરવી પડશે અને આવી મંજુર થયેલી માંગણી કે બોલી કોઈપણ જાતની ગણત્રી, ભુલચુક ગફલત, ખોટ ને કારણે પરત અથવા રદ બાતલ કરી શકશે નહીં.

૧૪. ન્યાયની અદાલતમાં શિક્ષા પામેલા, નૈતિક અધઃપતનના ગુન્હા સબંધમાં શિક્ષા પામેલા, બ્લેક લીસ્ટની યાદીમાં સમાવેશ થયેલા, નાદારી નોધાયેલ કે નાદાર જાહેર થયેલ અને ૧૮ વર્ષથી ઓછી ઉંમરના ઈસમને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં. આમ છતાં આવી જાણ માંગણી સ્વીકારાય બાદ સંબંધીત સમિતીના કે નીચે સહી કરનારના ધ્યાનમાં આવશે તો તેવા ઈસમની માંગણી રદ કરવામાં આવશે અને ઇજારાની ડીપોઝીટ પેટેની રકમ જપ્ત કરી નવસારી કૃષિ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવશે.

૧૫. હરાજી રાખનાર ઈસમ કે ઈજારદાર સંસ્થાની હદમાં માલને બીજા ઈસમના નામે ટ્રાન્સફર કરી શકશે નહીં કે તેનો સબકોન્ટ્રાકટ આપી શકશે નહીં.

૧૬. હરાજીમાં મુકવામાં આવેલ વિભાગ-૧ ના ચીકુના ઝાડ હરાજી રાખનાર ઈજારદારે જડમૂળથી કાઢવાના રહેશે.

૧૭. હરાજી રાખનાર ઈસમે તેમનું હાલનું તથા કાયમી રહેઠાણનું સરનામું અને ફોન નંબર ઉપરાંત પોતે રાખેલ કામદારોના નામ, સરનામા અને આધારકાર્ડની નકલ અત્રેની કચેરીમાં આપવાના રહેશે.

૧૮. ઇજારદારોની ડીપોઝીટની રકમ નીચે મુજબના કારણોસર જપ્ત કરવામાં આવશે.

(અ) ભાવ/બોલી આપ્યા પછીથી ભાવ / બોલી પાછી ખેંચશે તો.

(બ) ટેન્ડરની શરતો મુજબ અમલ નહીં કરે તો.

(ક) ઇજારા અનુસારની પુરેપુરી કામગીરી નહીં કરી શકે તો.

૧૯. ઈજારદારે સ્થળ પર કામ કરતા મજુરો માટે નિયમ પ્રમાણેની તમામ સવલતો જેવી કે પીવા માટે સ્વચ્છ પાણી, તબીબી સારવાર વિગેરે તેના ખર્ચે પુરી પાડવાની રહેશે. કામદારો માટે અકસ્માત વીમો તેમજ કામગીરીને કારણે નુકશાન માટેની સઘળી કાયદાકીય વ્યવસ્થા ઈજારદારે કરવાની રહેશે.

૨૦. ઇજારો રાખનાર ઈજારદાર કે તેના દ્વારા રોકવામાં આવેલ માણસો દ્વારા ઝાડની કાપણી દરમ્યાન અત્રેના કેન્દ્રની સ્થાવર કે જંગમ મિલકત અથવા અન્ય ઉભા ઝાડ/પાકને નુકશાન થશે તો તેની જવાબદારી ઈજારદારની રહેશે

અને નુકશાનીની રકમ નીચે સહી કરનાર અધિકારીશ્રી દ્વારા નક્કી કરવામાં આવે તે ભરપાઈ કર્યા સિવાય માલ ઉપાડવા દેવામાં આવશે નહીં.

૨૧. હરાજીમાં રાખેલ ઝાડોને કાપતી વખતે આજુબાજુથી પસાર થતી ઈલેકટ્રીક લાઈનને નુકશાન ન થાય તે રીતે કાપવાના રહેશે. આમ છતાં જો નુકશાની થશે તો તેની સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે અને નુકશાની ભરપાઈ થયા બાદજ માલ ઉપાડવા દેવામાં આવશે. જરૂરિયાત અનુસાર ઈલેકટ્રીકલ લાઈન બંધ કરાવવા તથા ચાલુ કરાવવાની જવાબદારી ઈજારદારની રહેશે.

૨૨. હરાજીમાં સામેલ ઝાડોમાંથી મળતા લાકડાની સાચવણી ઇજારદારે જાતે કરવાની રહેશે તેમજ કુદરતી આફત, આગ કે અન્ય હોનારતને કારણે જે નુકશાન થાય તેની જવાબદારી આ કેન્દ્ર કે સંસ્થાની રહેશે નહીં.

૨૩. હરાજીમાં રાખેલ લાકડા જે તે સ્થળેથી વાહનમાં ભર્યા બાદ સંબંધીત વિભાગના ઇનચાર્જ અધિકારી અથવા ખેતી મદદનીશ પાસેથી ગેટ પાસ મેળવી ફાર્મના મુખ્ય દરવાજેથી ગેટ પાસ બતાવી માલ લઈ જવાનો રહેશે. ગેટ પાસની એક નકલ સીક્યુરીટી અધિકારીને આપવાની રહેશે. ગેટ પાસ સિવાય લાકડા ભરેલ વાહન અત્રેના કેન્દ્રની બહાર જવા દેવામાં આવશે નહીં.

૨૪. હરાજી થયા બાદ માલ કાપીને લઈ જવાની મુદત હરાજીના દિવસથી ૧ માસ (એક મહિના) ની રહેશે. આ સમયબાદ મુદત લબાવી આપવામાં આવશે નહી.

૨૫. ટેન્ડર ફોર્મના નાણાં પરત મળશે નહીં.

૨૬. ઉપરોકત જણાવ્યા મુજબની તમામ શરતોના અર્થ અને અમલ અંગે કોઈકવાર વિવાદાસ્પદ બાબતો ઉપસ્થિત થાય તો નીચે સહી કરનારનો નિર્ણય કે ચુકાદો આખરી અને છેવટનો ગણાશે જે ઈજારદારને બંધનકર્તા રહેશે. કાયદાકીય જયુરીડીકશન નવસારી રહેશે.

૨૭. ઇજારદાર અધવચ્ચેથી ઇજારો છોડી કે કેન્સલ કરશે તો ફરીથી હરાજી કરવામાં આવશે. તથા તે ઇજારદારને બ્લેકલીસ્ટ કરવામાં આવશે. આ તમામ શરતો માન્ય હોવા અંગેની બાહેધરી ઇજારદારે રૂ. ૩૦૦/- ના સ્વખર્ચે સ્ટેમ્પ પેપર ઉપર લેખીતમાં આપવાની રહેશે.

આચાર્ય
બાગાયત પોલીટેકનીક, નકૃયુ, પરિયા

સ્થળ: પરિયા
તારીખ:૦૬/૧૫/૨૦૨૫

ઇજારદારે ભરવાની વિગત:

ઉપરોક્ત જણાવ્યા મુજબની શરતો અ.નં. ૧ થી ૨૭ સંપુર્ણ સ્વસ્થ અને સભાન રીતે વાંચી છે, જે મને માન્ય છે અને તેનો ચુસ્ત પણે અમલ કરવા બંધાયેલ છું જે બાબતે નીચે સહી કરી આપેલ છે.

ટેન્ડર ભરનારનું નામ: ____________________

સરનામુ: ____________________

સહી: ____________________

મંજૂર

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી